## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



ગીરીશભાઈ અંબારામ પરમાર
(૧૯૫૦) ફોન. ૨૩૨-૨૮૭૧૫



કૃષ્ણવિજયસિંહજી એન. ઝાલા
(૧૯૪૭) ફોન. ૨૩૨-૭૪૫૭૧

### ૫ જૂન ૨૦૧૨ વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી નિમિત્તે

# ગાંધીનગર ખાતે સાયકલ રેલીના કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૪

તા. ૫મી જૂનને વિશ્વ પર્યાવરણ દિન તરીકે દર વર્ષે પર્યાવરણ માટે વિશ્વ વ્યાપી જનજાગૃત્તિ કેળવાય, અસરકારક પગલાંઓવાળી વ્યુહરચનાઓના અમલીકરણ અને યોગ્ય સામાજિક જનજાગૃતિ આવે તે હેતુથી ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી પાછળનો મૂળભુત હેતુ કે વિચાર પર્યાવરણ સંરક્ષણ અને સંતુલીત જીવન જીવવા માટેના ઉકેલ શોધવા મજબૂત અને અસરકારક માધ્યમ પૂરું પાડવાનો છે. ૫ જૂન ૨૦૧૨ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી માટે સંયુકત રાષ્ટ્ર સંઘે 'હરિયાળું અર્થતંત્ર : તમે સમાવિષ્ટ છો ?' તે વિષય વસ્તુ જાહેર કરેલ છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજીને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી રહેલ છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને ગુજરાત ઈકોલોજી કમીશન, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૫ જૂનના રોજ સવારે ૮.૦૦ કલાકે પર્યાવરણ ક્ષેત્રે જનજાગૃતિ કેળવાય તે હેતુથી સાયકલ રેલી યોજવામાં આવનાર છે જેનો રૂટ ઉદ્યોગભવનસ ઘ-૪ સર્કલ, ઘ-૩, ચ-૩, ચ-૪ થી વળીને ઉદ્યોગભવન વાળા રોડથી પરત પ્રમાણે છે.

આ કાર્યક્રમમાંપી.સ્વરૂપ કલેકટરશ્રી ગાંધીનગર, સી. આર. ખરસાણ, મ્યુનિ.કમિશનર, ગાંધીગનર, શ્રીમતી અર્ચના શિવહરે, જિલ્લા પોલીસ વડા, ગાંધીનગર, સી.એ. શાહ પ્રાદેશિક અધિકારી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર તથા નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

આથી આ પર્યાવરણ જનજાગૃત્તિ માટેના કાર્યક્રમમાં બાળકો સહિત ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણ માટે સક્રિય યોગદાન આપવા સર્વે નાગરિકોને વિનંતી છે.

# રાજ્યની શૈક્ષણિક સુવિધાઓના પગલે પરપ્રાંતના વિદ્યાર્થીઓ માટે પણ શિક્ષણ વિકાસનો અવકાશ વધ્યો છે : રમણલાલ વોરા

ગાંધીનગર, તા. ૪

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના કેમ્પસમાં વિવિધ સત્તર પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન તેમજ શોધગંગા પ્રોજેકટના સમજૂતી કરાર શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાના વરદ્‌હસ્તે કરવામાં આવ્યા હતા.



ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને હાઈટેકનોલોજીના યુગમાં હાઈટેક સાધનો તેમજ અતિ આધુનિક માળખાકીય સવલતો સાથે ગુણવત્તાયુકત શિક્ષણ મળે તે માટે આજે વિવિધ સત્તર જેટલા વિવિધ પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન થયુ છે એમ શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયના વિદ્યાર્થીઓને આર્થિક, સામાજિક અને માનસિક સમસ્યાઓનો સામનો ના કરવો પડે માટે સરકારે વખતોવખત શિક્ષણ સુવિધાઓ વધારી છે. રાજ્યમાં શૈક્ષણિક સુવિધાઓના પગલે પરપ્રાંતના વિદ્યાર્થીઓ માટે પણ શૈક્ષણિક વિકાસનો અવકાશ વધ્યો છે. રાજ્યના વિદ્યાર્થીઓને બેઠકોમાં સો ટકા પ્રવેશ મળે છે. આગામી સમયમાં શૈક્ષણિક વિભાગોમાં પરપ્રાંતના વિદ્યાર્થીઓ માટે પણ ૧૫ ટકા અનામત બેઠકો રાખવામાં આવશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ ઈન્ફરમેશન એન્ડ લાઈબ્રેરી નેટવર્ક સાથે શોધગંગા પ્રોજેકટના સમજૂતી કરાર સંસ્થાના નિયામકશ્રી ડૉ.જગદીશ અરોરા સાથે કર્યા હતા.

શોધગંગા પ્રોજેકટ વેબ પોર્ટલમાં પીએચ.ડી.ના તમામ મહાનિબંધો રજૂ કરાશે. જેથી પીએચ.ડી કરવા માંગતા વિદ્યાર્થીઓને સરળતા રહેશે એમ, સ્વાગત પ્રવચનમાં ઉપ કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ જણાવ્યું હતું.

ઈન્ફરમેશન એન્ડ લાયબ્રેરી નેટવર્ક સેન્ટરના નિયામક શ્રી ડૉ.જગદીશ અરોરાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી રમણલાલ વોરાએ યુનિવર્સિટી એલ્યુમની એસોસીએશનના વિના મૂલ્યે સભ્ય બની શકે તેવા જીયે-એ સ્કવેરના સભ્ય બની તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

કેમ્પસના વિવિધ પ્રકલ્પોમાં રવિન્દ્રનાથ ટાગોર એકેડેમી કોલેજ, ચાર હજાર વોલ્ટના ચાર હાઈ માસ્ટર ટાવર, રફતાર, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સંશોધનલક્ષી ઈ પ્રજ્ઞા યુનિ લાયબ્રેરી, સ્નેહ છાયા ડે કેર ભવન, જીવીકા એમ્પ્લોયમેન્ટ ભવન, હાઈટેક ઈન્ટરનેટ કોમ્પ્યુટરની દીક્ષીઝ લેબના બે ફેઈઝનું ઉદ્‌ઘાટન ઓડિટોરીયમ ઓફ ફિઝીકસ એન્ડ બાયોટેનોલોજી, ઈ-કવચ ઈન્ટરનેટ સોફટવેર જેવા થઈ કુલ ૧૭ પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમની આભારવિધિ ઈન્ચાર્જ રજિસ્ટ્રર ડૉ. બળદેવભાઈ પટેલે કરી હતી. આ પ્રસંગે શિક્ષણ જગતના પદાધિકારીઓ, અધિકારીઓ તેમજ યુનિવર્સિટીના સેનેટ સિન્ડીકેટ સભ્યો હાજર રહ્યા હતા.

## બીએડ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા ૭મી જૂનથી શરૂ

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૮૭ બીએડ કોલેજોમાં પ્રવેશ માટેની પ્રક્રિયા ૭મી જૂનથી પ્રારંભ થશે. તા.૭મી જૂનથી યુનિવર્સિટીના કન્ઝ્યુમર્સ સ્ટોરમાંથી ફોર્મ વિતરણ કરાશે અને આજ દિવસથી યુનિવર્સિટીના આઈએએસ સેન્ટર ખાતે ભરેલા ફોર્મ સ્વીકારાશે. ચાલુ વર્ષે ફોર્મ ફી રૂપિયા ૨૦૦ યથાવત રાખવામાં આવી છે. કોલેજોમાં ૧૫મી જુલાઈથી નવા સત્રનો પ્રારંભ થશે. ગત વર્ષે ગુજ. યુનિ. સંલગ્ન ૮૨ બીએડ કોલેજોમાં ૭૨૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. ગતવર્ષે અંદાજે ૧૦૦૦ બેઠકો ખાલી રહી હતી. આ વર્ષે ૮૭ કોલેજોમાં કુલ ૮૭૦૦ બેઠકો છે. જેમાં ૧૦૫૦ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો છે. ૮૭ કોલેજોમાં ૧૬ ગ્રાન્ટ, સરકારી અને ૭૦ સેલ્ફફાયનાન્સ કોલેજો છે. જોકે આમા ૭ સેલ્ફ ફાયનાન્સ કોલેજોને એનસીટીઈના જોડાણનો પત્ર મળ્યો ન હોવાથી આ કોલેજોને નો એડબીશન ઝોનમાં મૂકાઈ છે. બીએડ કોલેજોમાં પ્રવેશ માટે ગુજ. યુનિ.ના કન્ઝ્યુમર્સ સ્ટોરમાંથી ૭મી જૂનથી ફોર્મ વિતરણ થશે. જે ભરીને તેજ દિવસથી યુનિવર્સિટીના આઈએએસ સેન્ટર ખાતે આપી શકાશે. ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રિયા ૨૯મી જુન સુધી ચાલશે. ૫મી જુલાઈએ મેરીટયાદી મૂકાશે અને ૮મી જુલાઈથી પ્રવેશનો પ્રક્રિયાનો પ્રારંભ થશે. જ્યારે ૧૫મી જુલાઈ બીએડ કોલેજોમાં સત્રનો પ્રારંભ થશે.

# રાજયમાં આગામી ૨૪ કલાક દરમિયાન છુટા છવાયા વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૪

રાજયના કેટલાક વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમિયાન છુટો છવાયો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા એક સપ્તાહથી પડી રહેલી ભારે ગરમી બાદ ગઈકાલથી રાજયના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. હવાના હલકા દબાણને કારણે પલટાયેલા હવામાનથી રાજયના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટા પડવા પામ્યા હતાં.

જો કે આજે હવામાન સ્વચ્છ રહેવા સાથે ફરીને ગરમી અને ઉકળાટ શરૂ થતાં લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતાં. જો કે હજુ પણ હવાનું હલકું દબાણ સર્જાયેલું હોઈ હવામાન વિભાગ દ્વારા રાજયના મોટા ભાગના વિસ્તારોમાં છુટો છવાયો સામાન્ય વરસાદ નોંધાય તેવી આગાહી વ્યકત કરવામાં આવી છે. રાજયમાં થયેલો છુટો છવાયો વરસાદ હવામાનમાં આવેલ પલટાને કારણે થવા પામ્યો છે.

ગુજરાતમાં ચોમાસું બેસવાને હજુ ૧૦થી ૧૫ દિવસ જેટલો સમય લાગશે જો કે આ વખતે ચોમાસું સમયસર અને સારું જવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ચોમાસું બેસવાને આડે હવે ૧૦થી ૧૫ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે રાજય પુર નિયંત્રણ કક્ષ દ્વારા પ્રી મોનસુન ની તૈયારીઓ આરંભી દીધી છે તેમજ રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા કંટ્રોલરૂમો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. આગામી ચોમાસા દરમિયાન ઉભી થનારી સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરા આયોજનના ભાગરૂપે તૈયારી હાથ ધરવામાં આવી છે.

# અગરિયા માટેની આદર્શ નિવાસી શાળામાં ધો. ૯ થી ૧૨નું સળંગ એકમ શરૂ કરાયું

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં અગરિયા માટેની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨નું સળંગ એકમ શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧થી ધોરણ-૮ ને પ્રાથમિક શાળામાં તબદીલ કરવાનો અને જૂન-૨૦૧૨ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના ધોરણ-૮ નો વર્ગ બંધ કરવા અને ધોરણ-૯ થી ૧૨નું સળંગ એકમ શરૂ કરવાનો નિર્ણય લીધેલ છે.

રાજ્યમાં અગરિયાની પાંચ આદર્શ નિવાસી શાળાઓમાં ધો. ૮ થી ૧૦ના બદલે ધો. ૯ થી ૧૨નું સળંગ એકમ બનાવવા અને આ નિવાસી શાળાઓમાં ધો. ૧૧નો વર્ગ શરૂ કરવા વિકસતી જાતિ કલ્યાણના નિયામક દ્વારા એક દરખાસ્ત રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

જેના પગલે રાજ્ય સરકારે અગરિયા માટેની પાંચ આદર્શ નિવાસી શાળાઓમાં ધો. ૮ થી ૧૦ના બદલે ધો. ૯ થી ૧૨નું સળંગ એકમ બનાવવા માટે ધોરણ-૧૧નો વર્ગ શરૂ કરવા વર્ગ દીઠ બે શિક્ષકો લેખે પાંચ વર્ગો માટે કુલ ૧૦ શિક્ષકોની જગ્યાઓ ઉભી કરવા માટે કુલ ૧૦ શિક્ષકોની જગ્યાઓ ઉભી કરવા અને ધોરણ-૮નો વર્ગ બંધ થતા તેના શિક્ષકોને ખાલી જગ્યા સામે સમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ જગ્યાઓ સીધી ભરતી બઢતીથી ભરવાની જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી બઢતીથી આવતી હોવાની શરતે ભરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી. ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રીમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. જ્યારે આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો નીતિ નિયમોની જોગવાઈ અને નિયત પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલા કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ લાયકાત ધરાવતા હોવા જોઈશે. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે માધ્યમિકમાંથી ધોરણ-૮ને બંધ કરીને પ્રાથમિકમાં ધોરણ-૮નો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે જેના કારણે આગામી નવા શૈક્ષણિક સત્રથી માધ્યમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો બંધ કરવામાં આવશે.

## આકારણી અંગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મિલ્કતોનો સર્વે કરવામાં આવ્યો છે અને તેને ચાર જેટલા જુદા જુદા પરિબળોને આધારે ગણતરી કરી ભારાંક પ્રમાણે આ મિલ્કતવેરાની ગણતરી કરવામાં આવી છે. મિલ્કતવેરાની ગણતરીને લઈ તંત્ર એ ભારે કવાયત કર્યા બાદ આ આકારણી રજીસ્ટરો તૈયાર કરવામાં આવ્યા છે.

કોર્પોરેશનને મિલ્કત વેરાની આવક પેટે રૂ. ૧૭ કરોડ જેટલી આવક એક વર્ષની થવાના અંદાજો છે.જીઆઈડીસી વિસ્તારની આકારણી અંગે પણ વિસંગતતાઓ હોવાની રજુઆતો તંત્રને મળી છે. જો કે રાજય સરકારે વાણિજય અને રહેણાંકના વિસ્તાર માટે ઈમ્પેકટ ફી માં કરેલી કેટલીક જોગવાઈને કારણે વાંધાઓ છેલ્લા બે દિવસમાં વધુ મળે તેવી શકયતાઓ નકારી શકાતી નથી કારણ કે મિલ્કત વેરામાં રહેણાંકમાં દુકાન કરી હોય તો વાણિજયના દરો લાગુ કરવામાં આવ્યા છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગરમાં
જાહેરાત માટેનું
અસરકારક
માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## શબ્દાવલી - ૪૭૪૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | ૯ | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | | | ■ | |
| ■ | ■ | ૧૨ | ■ | ૧૩ | | ૧૪ | ■ |
| ■ | ૧૫ | | | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | | ■ | | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | ૨૧ | ■ | ૨૨ | | |
| ૨૩ | | ■ | ૨૪ | | | | ■ |

**આડી ચાવી**

૧. આપ-લે કરવી, સંબંધી (૪)
૪. વાર્તાલાપ, ગપાટા (૨)
૬. શરીર (૨)
૭. બગલ થેલો (૩)
૧૦. પહોંચી, હાથનું ઘરેણું (૨)
૧૧. ભુંડ જેવું એક પ્રાણી (૩)
૧૩. સિંહની ગર્જના, ત્રાડ (૩)
૧૫. પગનો જોડો (૪)
૧૬. સ્તુતિ કરવા યોગ્ય (૨)
૧૮. હાથના ઘરેણા (૩)
૧૯. 'કરી' શબ્દ ઊંધો (૨)
૨૦. .... કા મતલબ (ગીત) આઈ લવ યુ (૨)
૨૨. અમરવેલ, ગળો (૩)
૨૩. ડિંગો, કોઈને અંગુઠો બતાવવો તે (૨)
૨૪. રોશનીયુક્ત, ઝળાહળા (૪)

**ઊભી ચાવી**

૧. પ્રેમ, સ્નેહ (૩)
૨. વાધણી, ભારે શ્વાસનું ડચકું (૩)
૩. રખડ-રખડ કર્યા કરે તેવું (૩)
૫. તૈયાર, સજ્જ (૩)
૮. એક પંખી જે લાકડા ખોદી તેમાં રહેવાની જગ્યા બનાવે (૫)
૯. ઘરના દરવાજે શોભા માટે બંધાયો પાન-ફૂલ વગેરેનો હાર (૩)
૧૨. અતિ લાડકુ, ચાપલાઈ (૪)
૧૪. જે હરણની ડુંટીમાંથી સુગંધી પદાર્થ નીકળતો હોય તે હરણ (૫)
૧૫. જમીન, ધરા (૨)
૧૭. ત્યજાયેલ સ્ત્રી (૩)
૧૮. પાઘ, ફેંટો, સાફો (૩)
૨૧. છૂટક, ઢીલુ (૨)
૨૨. અમારું (૨)

### શબ્દાવલી ૪૭૪૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) આરસપહાણ (૪) સીલ (૫) વીમા એજન્ટ (૯) કસ (૧૦) કાવડ (૧૧) હાકલ (૧૩) બફર (૧૫) જાતક (૧૭) મદ (૧૮) ઉપજ (૨૦) ત્રિશૂલ (૨૧) સર્વથા

**ઊભી ચાવી :-** (૧) આજીવિકા (૨) પતજ (૩) ફલસ (૪) સીકલ (૬) માવજત (૭) એડ (૮) ન્ટહાફપે (૧૨) કર (૧૪) જળોજથા (૧૫) જાવંત્રી (૧૬) કમળ (૧૮) ઉસ (૧૯) પર્વ

## સમાચાર ઝલક

- નાઇજીરીયામાં માનવ વસવાટમાં એક ત્રણ માળનાં મકાનમાં વિમાન ઘુસી જઇને તૂટી પડેલું : ૧૫૩ પ્રવાસીઓ મૃત્યુ પામ્યા.
- કોંગ્રેસની હાઇ લેવલની મીટીંગ આજે મળેલ છે. આર્થિક સંકટ માટે કોઇ નિર્ણાયક નિર્ણયો લેવાશે તેવી શક્યતા.
- અંબાજીમાં માતાના મંદિરમાં બે રાજસ્થાની મહિલાઓ ચોરી કરતાં સી.સી.ટી.વી. કેમેરાનાં ફૂટેજ દ્વારા ઝડપાઇ.
- ધોની લશ્કરના માનદ્ પદ્‌વીના આધારે સરહદે જવાનો સાથે પસાર કરશે.
- જેના પર ૨૭૭ હત્યાઓ, ૨૨ નરસંહારના આરોપો હતા, તાજેતરમાં હત્યાથી મૃત્યુ પામેલા બ્રહ્મેશ્વરસિંહ ઉર્ફે મુખિયા, જેમની અંતિમયાત્રામાં તોફાનો થતાં ૭૦ વાહનો પટનામાં સળગાવવામાં આવ્યાં.
- માઠા સમાચાર : અમૂલ ફરી પાછો દૂધમાં ભાવ વધારવા સક્રિય વિચારણા કરી રહેલ છે.
- ભેંસાણ તાલુકા પંચાયતના સભ્યશ્રી પર ગોળીબાર : ભેંસાણમાં તોફાનો તથા બંધને મળી સફળતા.
- જૂનાગઢમાં ઇન્કમટેક્ષના દરોડામાં રૂા. ૧૦૦ કરોડનું કાળું નાણું હોવાનો અંદાજ.
- હરિયાળાની મહિલા પહેલવાનના રૂમમાં મધરાત્રે કોચ ઘુસી ગયો. જાતિય સતામણીની ફરિયાદ ખેલ મંત્રી શ્રી અજય માકનને કરવામાં આવી.
- ૯૦ ટકા મુસ્લિમ વસ્તી ધરાવતા સલાયામાં ૧૦ મુસ્લિમ સભ્યો ભાજપમાં જોડાયા. નગર પાલિકામાં ભગવો લહેરાયો.
- રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલ નિવૃત્ત થયા બાદ દિલ્હીમાં સરકારી આવાસમાં જ રહેશે.

# કોંગ્રેસ કોર કમીટીની આજે મળનારી બેઠક : આગામી ચૂંટણી અંગે વ્યુહ રચના ઘડાશે

ગાંધીનગર, તા.૪

ગુજરાત કોંગ્રેસ કોર કમીટીની આવતીકાલે અમદાવાદ ખાતે મળનારી બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણી માટેની વ્યુહરચના ઘડીને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે.

આગામી ડીસેમ્બર ૨૦૧૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે. આ ચૂંટણી આડે હવે માત્ર ૬ માસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૂંટણી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આવતીકાલે અમદાવાદ ખાતે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં અને ચૂંટણી સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં કોર કમીટીની બેઠક મળનાર છે.

આ બેઠકમાં ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે અને નવા સિમાંકન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને તેના આધારે ચૂંટણી વ્યુહરચના ઘડવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત ભાજપમાં ચાલી રહેલ આંતરકલહ અંગે પણ ચર્ચા વિચારણા કરીને ભાજપના નારાજ નેતાઓ સાથે હાથ મીલાવવા કે બહારથી ટેકો આપવો એ તમામ બાબતો અંગે ચર્ચા વિચારણા કરીને ફાયદા ગેરફાયદાને ધ્યાને રાખીને નિર્ણય લેવા અંગેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સવારે કોર કમિટીની બેઠક મળ્યા બાદ બપોરે પ્રદેશ આગેવાનોની પણ એક બેઠક મળનાર છે. આ બેઠકમાં પણ આગામી વિધાનસભા ચૂંટણી અંગે ચર્ચા વિચારણા કરીને પ્રદેશ આગેવાનો અને કાર્યકરોને ચૂંટણી કામે લાગી જવા અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાવા મળે છે.

આ ઉપરાંત આગામી વિધાનસભા ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે યોજાનારી હોઈ આ ચૂંટણીમાં વર્તમાન અને સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને સમીકરણોને ધ્યાને રાખીને ઉમેદવારોની પસંદગી અંગેના ધોરણો નક્કી કરવામાં આવશે અને સાથો સાથ સંભવીત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાનો પણ પ્રારંભ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે મળનારી બેઠકમાં આગામી ચૂંટણીને ધ્યાને રાખીને નવા ચૂંટણી લક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ટેક્ષ હોલીડેનો લાભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેયરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાને પાંચ વર્ષની મળવાપાત્ર ટેક્ષની રકમની સરકારશ્રીમાંથી ગાંધીનગર મહાનગરપાલિકાને ગ્રાન્ટ આપવી જોઈએ જે બાબતે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની માંગણી ગ્રાહ્ય રાખી ઘટતુ કરવા શહેરી વિભાગને જણાવેલ છે.

એક તરફ કોર્પોરેશન દ્વારા મિલ્કતવેરાની વસુલી માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર કરી દેવાયો છે ત્યારે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે લખેલા આ પત્રએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

## કમાન્ડો લાંચ લેતા ઝડપાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ આજે આરોપીને રૂ. ૨૫ હજાર એડવાન્સ આપવા તેઓ અક્ષરધામ પાસે પહોંચ્યા હતા આ વેળાએ સાબરકાંઠા એ.સી.બી.ના પી.આઈ. વી.આર. પટેલે આરોપીને રૂ. ૨૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો. આરોપીને ગાંધીનગર એ.સી.બી.ને સોંપી દેવાયો છે. ગાંધીનગર એ.સી.બી.એ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.